# સત્સંગ સમાચાર

## ઈન્ફૉર્મેશન ટૅક્નોલૉજી સૅન્ટર (આઈ.ટી.સી.)ના ઍલમનાઈ એસોસિએશન પૉર્ટલનું મુક્તાર્પણ

સંતભગવંત પ.પૂ. સાહેબદાદાના આશીર્વાદથી યોગી વિદ્યાપીઠની શૈક્ષણિક સંસ્થા ઈન્ફૉર્મેશન ટૅક્નોલૉજી સૅન્ટર આઈ. ટી. ઍજ્યુકેશનમાં માત્ર રાજ્યમાં જ નહિ, પણ રાષ્ટ્રકક્ષાએ અગ્રિમ હરોળની સંસ્થા બની ઊભરી છે. આઈ.ટી.સી.માં છેલ્લાં ૩૩ વર્ષ દરમિયાન અભ્યાસ કરીને આઈ.ટી. સ્કિલ પ્રાપ્ત કરી દુનિયાના અનેક દેશોમાં લગભગ એક લાખ વિદ્યાર્થીઓએ પોતાની કારકિર્દી વિકસાવી છે અને રોજગારી મેળવી છે. સંતભગવંત સાહેબજીની કૃપાથી કુલગુરુ પ.પૂ. રતિકાકાના નેતૃત્વમાં આઈ.ટી.સી.ને સાધુ પૂ. દિવ્યેશદાસ, સાધુ પૂ. પીટરદાસ તથા સાધુ પૂ. ઉત્પલદાસ જેવા સંચાલકો મળ્યા અને હવે ડૉ. એન.સી. પટેલ જેવા શિક્ષણને સમર્પિત નિષ્ઠાવાન, ચિફ ઍક્ઝિક્યુટિવ ડાયરૅક્ટર મળવાથી નૂતન વેગ પ્રાપ્ત થયો. આઈ.ટી.સી.માં વિદ્યાભ્યાસ કરેલ વિદ્યાર્થીઓ માટે ઍલમનાઈ એસોસિએશન રચવાનો વિચાર સાકાર કરાયો. જેને એક પૉર્ટલ સ્વરૂપે તૈયાર કરી ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૨ના શુભ દિને અનુપમ મિશનના 'પારમિતા' સભાખંડમાં શ્રી ઠાકોરજી મહારાજ, સદ્‌ગુરુ સંતોની ઉપસ્થિતિમાં મુક્તાર્પિત કરવામાં આવ્યું. આ પૉર્ટલ દ્વારા વિશ્વસમસ્તમાં વસતા આઈ.ટી.સી.ના વિદ્યાર્થીઓનું સંગઠન ટૅક્નોલૉજી ક્ષેત્રે આવનારા સમયમાં બહુઆયામી પ્રદાન કરશે તેવા આશીર્વાદ સદ્‌ગુરુ સંતોએ વરસાવ્યા.

આ પ્રસંગે યોગી વિદ્યાપીઠના ચિફ ઍક્ઝિક્યુટિવ ડાયરૅક્ટર ડૉ. એન. સી. પટેલના સ્વાગત પ્રવચનમાં આઈ.ટી.સી.ની બહુમૂલ્ય સિદ્ધિઓ તથા આ પૉર્ટલની વિશેષતાઓની ઝલક પ્રાપ્ત થઈ. આઈ.ટી.સી.ના પૂર્વ શિક્ષક અલ્કેશભાઈ પટેલ તથા સાધુ પૂ. ઉત્પલદાસજીએ સ્વાનુભવ વ્યક્ત કરી આ પૉર્ટલનાં વિશેષ પાસાંઓની માહિતી આપી. વિડીયો કૉન્ફરન્સ દ્વારા સંતભગવંત સાહેબજીનાં દર્શન અને આશીર્વાદ પ્રાપ્ત થયાં. સદ્‌ગુરુ પ.પૂ. અશ્વિનદાદાએ આશીર્વાદ વરસાવી નૂતન આયામો સર કરવા માર્ગદર્શન દીધાં. આઈ.ટી.સી.ના જોઈન્ટ ડાયરૅક્ટર સાધુ પૂ. દિવ્યેશદાસજીએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદરૂપ થનાર સહાયક સેવકોનો, દાતાઓનો, વિદ્યાર્થી અને વાલીઓનો તેમજ અનુપમ મિશનના સૌ સંતો, અક્ષરમુક્તોના આભાર માની વંદન ધર્યાં. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન ચૈતાલી શાહ દ્વારા કરવામાં આવ્યું. ◆

## બ્રહ્મસ્વરૂપ પ.પૂ. કાકાજી મહારાજ વાર્ષિક પુણ્યતિથિ

ગુણાતીત સમાજના સંસ્થાપક બ્રહ્મસ્વરૂપ પ.પૂ. કાકાજી મહારાજ ૭ માર્ચ ૧૯૮૬ના રોજ બ્રહ્મલીન થયા. ૭ માર્ચ ૨૦૨૨ના રોજ તેઓના નિર્વાણ સ્મૃતિદિને પારમિતા સભાખંડમાં મંગળા આરતી બાદ મંગલવંદના અર્પણ થઈ. સદ્‌ગુરુ સંતો પ.પૂ. શાંતિદાદા, પ.પૂ. રતિકાકા, પ.પૂ. હર્ષદદાદાની દિવ્ય ઉપસ્થિતિમાં પ.પૂ. કાકાજીની મૂર્તિને સાધુ પૂ.અશોકદાસજી દ્વારા પૂજન અને સાધુ પૂ. વાસુદેવદાસજી દ્વારા પુષ્પહાર અર્પણ કરવામાં આવ્યાં. સૌએ કાકાજીના મહિમાનાં કીર્તનોનું શ્રવણ કરી પ્રાર્થનાઓ ધરી. અંતે કાકાજી મહારાજ જેમ ધૂન કરાવતા તેની સ્મૃતિ સાથે સૌએ ધૂન કરી મૂર્તિ સમક્ષ મંત્રપુષ્પાંજલિ ધરી અને નૂતન મંદિરે આરતી અર્પણ કરી. કાકાજીના શાશ્વત આશિષસમ બ્રહ્મસમાધિ સ્થાને યુવાનો દ્વારા સુંદર સુશોભન કરવામાં આવ્યું હતું, ત્યાં સ્તુતિ-ધૂન-પ્રદક્ષિણાભક્તિ અર્પણ કરી સૌએ કાકાજીને અંતરની વંદના ધરી. ◆




ઈન્ફૉર્મેશન ટૅક્નોલૉજી સૅન્ટરના ઍલમનાઈ એસોસિએશન પૉર્ટલનાં મુક્તાર્પણ



બ્રહ્મસ્વરૂપ કાકાજી મહારાજને વાર્ષિક પુણ્યતિથિ સ્મૃતિદિને મંત્રપુષ્પાંજલિ અર્પણ

## શ્રદ્ધાંજલિ



*** વિપુલભાઈ કાંતિભાઈ પટેલ :** ગોકુળ મંડળ, આણંદના નિષ્ઠાવાન અનુપમ સ્વજન વિપુલભાઈ પટેલ ૭ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ અક્ષરધામ સિધાવ્યા. વિપુલભાઈએ સર્વ સાથે સુમેળ સાધી અત્યંત વિનમ્રભાવે પ્રભુ અને પ્રભુજનોની સદા સેવા કરી, સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોમાં અદ્‌ભુત પ્રીતિ સાધી હતી. 'અલંકાર ચશ્માંઘર'-તેઓની ચશ્માંની દુકાનના માધ્યમથી અનુપમ મિશનના સૌ સંતો અને અક્ષરમુક્તોની દૃષ્ટિક્ષતિ નિવારવા તેઓએ ઉદાર ભાવના સાથે સેવાભક્તિ અદા કરી. સૌને સહાયરૂપ થવું અને પ્રભુએ આપેલું તેમની સેવામાં વાપરવું, એ તેમનો સહજ અભિગમ હતો. તેઓના ભક્તિકાર્યમાં તેઓનાં ધર્મપત્ની હેતલબહેને પણ ખૂબ સહકાર આપ્યો. ભક્તિની આ જ ભાવના તેઓએ સંતાનો કાર્તિક અને ગણેશને પ્રદાન કરી. અઠવાડિક સત્સંગસભામાં નિયમિત હાજર રહી, અનેક સમૈયા-ઉત્સવોમાં વિવિધ માધ્યમે સેવાઓ કરી ભક્તિનો આદર્શ પૂરો પાડ્યો. અચાનક તેઓના અક્ષરવાસ પ્રસંગે પરિવારજનોએ પ્રભુના કર્તાપણાનો સ્વીકાર કરી નિષ્ઠા અને સમજણ દાખવી છે તે સૌને વંદન! ભગવાન સદ્‌ગત સ્વજનના આત્માને શાતા અર્પે તે માટે અંતરની પ્રાર્થનાઓ ! ◆



*** ધર્મિષ્ઠાબહેન રામપ્રકાશ અગ્રવાલ :** વડોદરાનિવાસી ધર્મિષ્ઠાબહેન અગ્રવાલનો ૭ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ અક્ષરવાસ થયો. પૂર્વના પુણ્યોદયથી સત્સંગનો જોગ થયો અને પાયાનાં સત્સંગી બનીને પ.પૂ. પપ્પાજી, પ.પૂ.બેન તથા પ.પૂ. સાહેબદાદાને રાજી કર્યાં. મોગરીમાં વસવાટ કર્યો ત્યારે બ્રહ્મજ્યોતિમાં પારમિતા મંદિરમાં નિયમિત આરતીનો લાભ લેવા પધારી ભક્તિ અદા કરતાં. પ્રભુમૂર્તિમાં સાક્ષાત્ પ્રભુ પ્રગટ છે તેવો ભાવ રાખી આર્તહૃદયે પ્રાર્થના કરતાં, ફળસ્વરૂપે પ.પૂ. સાહેબદાદા અને સંતોનો રાજીપો મેળવ્યો. અ.નિ. સાધુ પૂ. ગોપાલબાપાની સાથે અપરંપાર પ્રીતિ હતી, તેઓની પ્રેરણાથી સેવા કરવી, ઘરે નિત્યસભા કરવી તથા બ્રહ્મજ્યોતિમાં એકાદશીની સભા નિયમિત ભરવી એ તેઓનો જીવનક્રમ હતો. જેને પરિણામે પરિવારના સૌ મુક્તો સત્સંગ અભિમુખ થયા. સત્સંગનો અમૂલ્ય વારસો તેઓએ સંતાનોને આપ્યો. સુપુત્ર મનોજભાઈ સાથે સમગ્ર કુટુંબ વડોદરા સ્થાયી થઈને મંડળમાં સક્રિય રીતે સેવા અર્પી રહ્યું છે. આવાં ભક્તિપરાયણ માવતરને કૃતજ્ઞભાવે અંતરનાં પ્રણામ ! ◆

*** કેતુલભાઈ કૌશિકભાઈ મિસ્ત્રી :** અત્યંત સેવાભાવી યુવાન કેતુલભાઈ ૯ ફેબ્રુઆરી ૨૦૨૨ના રોજ અક્ષરધામ સિધાવ્યા. તેઓએ અનુપમ મિશનમાં પ્રભુપ્રસન્નતાર્થે સંતો સાથે સેવા કરી જીવન ધન્ય બનાવ્યું. ખાસ કરીને સાધુ



પૂ. રમેશદાસજી સાથે સમૈયા-ઉત્સવ પ્રસંગે સુશોભન વિભાગની સેવામાં અત્યંત મહિમા સાથે જોડાઈ સંતભગવંત સાહેબજી અને સદ્‌ગુરુ સંતોનો અંતરનો રાજીપો મેળવ્યો. તેઓની કોઠાસૂઝ, કૌશલ્ય, વફાદારી ને નિષ્ઠા સાથે કરેલી સેવાઓ પ્રેરણાદાયી છે. અચાનક આવી પડેલી બીમારીને કારણે ઘણા સમયથી પથારીવશ રહ્યા છતાં તેમના વર્તનમાં સમતા અને દાસત્વ શોભતાં. અપાર તકલીફોમાં તેઓ સહિત સમગ્ર પરિવારજનોની પ્રભુ પ્રત્યેની નિષ્ઠા અડગ અને અચલ રહી. આવા આત્માને પુનર્જન્મે પ્રભુ સત્સંગમાં જન્મ આપશે. તેઓનો સમગ્ર પરિવાર આ ભાવનાના સ્વીકાર સાથે અને પ્રભુના કર્તાપણાની નિષ્ઠા સાથે જીવે છે. સૌને ભાવપૂર્ણ વંદન ! ◆



*** રામજીભાઈ દુદાભાઈ ચપલા :** માણાવદર નિવાસી રામજીભાઈ ચપલા ૨૮ ફેબ્રુઆરીના રોજ શ્રીજીચરણ પામ્યા. અનુપમ મિશનના વ્રતધારી સાધુ પૂ. ભરતદાસજી અને પૂ. દિનેશદાસજીના તેઓ જ્યેષ્ઠ બંધુ હતા. તેઓનાં બહેનો પૂ. ચંદ્રિકાબહેન, પૂ. મંજુબહેન પણ ગુણાતીત જ્યોતમાં સમર્પિત જીવન વિતાવે છે. આવા ભક્તિસંપન્ન પરિવારના જ્યેષ્ઠ સુપુત્ર તરીકે તેઓએ જવાબદારી, ભક્તિ અને સમર્પણના ભાવ ઉજળા કર્યા. આખું જીવન પ્રગટ સ્વરૂપને સેવી ભક્તિરાહે અવિરત ચાલ્યા. કુટુંબનાં સૌમાં પણ સત્સંગના આવા જ સંસ્કારોના ભક્તિભાવે વાવેતર કર્યાં. જીવન સેવા અને ભક્તિમય વિતાવી રામજીભાઈએ સૌ સંતોનો અપરંપાર રાજીપો પ્રાપ્ત કર્યો. આવા અક્ષરમુક્તો નવા જન્મે પ્રભુના કાર્યમાં જોડાઈને આત્માની યાત્રા પૂર્ણ કરે છે, તે શ્રદ્ધાભાવ સ્વીકારનાર સૌ પરિવારજનોને બળ મળે તે પ્રાર્થના ! ◆


**Statement about ownership and other particulars about newspaper**

**BRAHMANIRZAR**

(FORM IV, Rule 8)

| | | |
|---|---|---|
| 1. | Place of publication | : Brahmajyoti, Mogri 388 345, Gujarat |
| 2. | Periodicity of Publication | : Monthly |
| 3. | Printer's name, Nationality & Address | : Shri Pradip S. Giri, Indian<br>Prizam Printers and Publishers Ltd.<br>Premsagar, Nr. Madhuli Restaurant, Vallabhvadi,<br>Bhairavnath Road, Maninagar, Amdavad-8, Gujarat |
| 4. | Publisher's name, Nationality & Address | : Shri Shantibhai F. Patel, Indian<br>Brahmajyoti, Mogri 388 345, Gujarat |
| 5. | Editor's name, Nationality & Address | : Shri Shantibhai F. Patel, Indian<br>Brahmajyoti, Mogri 388 345, Gujarat |
| 6. | Name & Address of individuals who own the newspaper, shareholders and partner or Shareholders holding more than one percent of the total capital. | : Anoopam Mission<br>Registered Trust<br>Brahmajyoti,<br>Yogiji Marg, Mogri 388 345<br>Gujarat |

I Shri Shantibhai F. Patel hereby declare that the particulars above given are true to the best of my knowledge and belief.

Shantibhai F. Patel
Signature of Publisher

Date : 15 March, 2022